# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

web:-www.suratdeo.org


ક્રમાંક: મા-૨/૨૦૨૬/૧૩૦૫

તા.13/૦૧/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ

ખાનગી પ્રાથમિક શાળાઓ તમામ (સુરત શહેર)

**વિષય:** સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છ સર્વેક્ષણ બાબત

**સંદર્ભ:** સુરત મહાનગરપાલિકા મુગલીસરા, સુરતના પત્ર નં.પીએચડી/૧૯૮૬ તા.૦૭/૦૧/૨૦૨૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, માન.વડાપ્રધાનશ્રી દ્વારા ૦૨ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ **"સ્વચ્છ ભારત મિશન"** ની શરૂવાત કરવામાં આવેલ. સુરત શહેરે સ્વચ્છ સર્વેક્ષણ અંતર્ગત વર્ષ ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨માં સમગ્ર ભારતમાં બીજો ક્રમ તથા સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૩માં સ્વચ્છતામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ અને સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪માં સુપર સ્વચ્છ લીગમાં સમગ્ર ભારતમાં સૌથી વધુ માર્કસ મેળવી સુપર સ્વચ્છ લીગમાં સ્થાન જાળવી રાખી ઉત્કૃષ્ટ કામગીરી કરેલ છે. આગામી સ્વચ્છતા સર્વેક્ષણમાં પણ સુરત શહેરની ઉત્કૃસ્ટ કામગીરી જળવાઈ રહે તે જરૂરી છે. સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ ની માર્ગદર્શિકા મુજબ રેસીડેન્સીઅલ, કોમર્શિઅલ, પબ્લિક પ્લેસ, ટ્રાન્સપોર્ટ હબ, વોટર બોડી, ગાર્ડન વગેરે ઉપરાંત શાળાઓમાં પણ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત માપદંડો નિયત કરેલ છે.

ઉપરોક્ત હકીકત થી વિદિત થય સુરત શહેરની તમામ શાળાઓમાં નીચે મુજબની પૂર્તતા કરાવવા માટે આદેશ કરવામાં આવે છે.

1. છોકરા અને છોકરી માટે અલગ ટોઇલેટની વ્યવસ્થા.
2. દરેક શૌચાલયના દરવાજા પર કુંડી (Stopper) ની વ્યવસ્થા.
3. અંદર અને બહારની જગ્યાએ લાઈટની વ્યવસ્થા, દરેક બેઠક પર લાઈટ પોઈન્ટ અને દરેક લાઈટ ચાલુ હાલતમાં હોય તેવી વ્યવસ્થા.
4. દરેક ટોઈલટ સીટ સાથે કચરાપેટી (Covered) અને તેની નિયમીત સફાઈ.
5. હવાની અવરજવર માટે પુરતી સુવિધા (વેન્ટીલેશન, ઢળતા કાચ અથવા એક્ઝોસ્ટ પંખો)
6. વોશ બેસિન સ્વચ્છ રહે અને પાણીના નળની સુવિધા ઉપલબ્ધ રહે તથા દરેક સમયે વાપરી શકાય તેવી સુવિધા. (પ્રવાહી સાબુવાળા સ્વચ્છ અને ઉપયોગી વોશબેસિન્સ).
7. શૌચાલયમાંથી નીકળતા નિકાલ ન થયેલ ફિકલ સલજ / સેપ્ટેજ અને સિવેજનો ગટરની સુવિધા.
8. સ્ત્રીઓના શૌચાલયમાં સેનેટરી નેપકીન વેંડિંગ મશીન અથવા સેનેટરી નેપકીનની સુવિધા (ડિસ્પેન્સર/ઇન્સનરેટર મશીન) અને વપરાયેલ પેડ્સ માટે અલગ કલેક્શન બિન (રેડ બિન)ની વ્યવસ્થા.
9. દિવ્યાંગ બાળકો માટે અલગથી ટોઈલેટ સીટ.
10. દરેક શાળામાં 5R સેન્ટર્સની વ્યવસ્થા.
11. શાળાના કમ્પાઉન્ડમાં ભીના કચરાના નિકાલ કરવા માટે કમ્પોસ્ટિંગ બેડની સુવિધા.

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.સુરત

શ્રી દિનેશ રમેશ ગુરવ, આઈ.એ.એસ.
ડેપ્યુટી મ્યુનિ. કમિશનર, (ડેપ્યુટેશન)

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

નં.પીએચડી/ ૧૯૮૬
તા.૦૭/૦૧/૨૦૨૬

પ્રતિ,

જીલ્લા શિક્ષણ અધિકારી (DEO),
સુરત

સવિનય જણાવવાનું કે, માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨જી ઓકટોબર, ૨૦૧૪ના રોજ "સ્વચ્છ ભારત મિશન" ની શરુઆત કરવામાં આવેલ. ભારતના તમામ શહેરો જાહેરમાં શૌચ મુક્ત અને ગાર્બેજ ફ્રી સીટી બને તે હેતુસર સ્વચ્છ ભારત મિશન એક જન અંદોલન બની રહ્યું છે. ભારત સરકારશ્રીના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છ સર્વેક્ષણની ઓપરેશનલ ગાઈડલાઈન બહાર પાડી દર વર્ષે સર્વેક્ષણની (સ્વચ્છ સર્વેક્ષણ, ગાર્બેજ ફ્રી સીટી રેટીંગ, ODF/ODF+/ODF++/WATER+) કામગીરી હાથ ધરવામાં આવે છે.

સુરત શહેરે સ્વચ્છ સર્વેક્ષણ અંતર્ગત વર્ષ ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨માં સમગ્ર ભારતમાં બીજો ક્રમ તથા સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૩માં સ્વચ્છતામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ અને સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪માં સુપર સ્વચ્છ લીગમાં સમગ્ર ભારતમાં સૌથી વધુ માર્ક્સ મેળવી સુપર સ્વચ્છ લીગમાં સ્થાન જાળવી રાખી ઉત્કૃષ્ટ કામગીરી કરેલ છે. આગામી સ્વચ્છતા સર્વેક્ષણમાં પણ સુરત શહેરની ઉત્કૃષ્ટ કામગીરી જળવાઈ રહે તે જરૂરી છે.

સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ની માર્ગદર્શિકા મુજબ રેસીડેન્સિઅલ, કોમર્શિઅલ, પબ્લીક પ્લેસ, ટ્રાન્સપોર્ટ હબ, વોટર બોડી, ગાર્ડન વગેરે ઉપરાંત શાળાઓમાં પણ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત માપદંડો નિયત કરેલ છે. આગામી સ્વચ્છ સવેક્ષણમાં નિયત કરેલ માપદંડો મુજબ શાળાઓમાં ફિલ્ડ વિઝીટ કરી વેરીફીકેશન હાથ ધરવામાં આવનાર છે.

ઉપરોક્ત હકીકતથી વિદિત થઇ સુરત શહેરની તમામ શાળાઓમાં નીચે મુજબની પૂર્તતા કરાવવા કાર્યવાહી કરાવશો.

1. છોકરા અને છોકરી માટે અલગ ટોઈલેટની વ્યવસ્થા
2. દરેક શૌચાલયના દરવાજા પર કુંડી (Stopper) ની વ્યવસ્થા
3. અંદર અને બહારની જગ્યાએ લાઈટની વ્યવસ્થા, દરેક બેઠક પર લાઈટ પોઈન્ટ અને દરેક લાઈટ ચાલૂ હાલતમાં હોય તેવી વ્યવસ્થા.
4. દરેક ટોઈલટ સીટ સાથે કચરાપેટી (Covered) અને તેની નિયમીત સફાઈ.
5. હવાની અવરજવર માટે પુરતી સુવિધા (વેન્ટીલેશન, ઢળતા કાચ અથવા એકઝોસ્ટ પંખો)

શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.

**શ્રી દિનેશ રમેશ ગુરવ,** આઈ.એ.એસ.
**ડેપ્યુટી મ્યુનિ. કમિશનર, (ડેપ્યુટેશન)**

સુરત મહાનગરપાલિકા,
મહાનગર સેવા સદન,
ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩

6. વોશ બેસિન સ્વચ્છ રહે અને પાણીના નળની સુવિધા ઉપલબ્ધ રહે તથા દરેક સમયે વાપરી શકાય તેવી સુવિધા. (પ્રવાહી સાબુવાળા સ્વચ્છ અને ઉપયોગી વોશબેસિન્સ)
7. શૌચાલયમાંથી નીકળતા નિકાલ ન થયેલ ફિકલ સલજ / સેપ્ટેજ અને સિવેજનો ગટરની સુવિધા.
8. સ્ત્રીઓના શૌચાલયમાં સેનેટરી નેપકીન વેડિંગ મશીન અથવા સેનેટરી નેપકીનની સુવિધા (ડિસ્પેન્સર/ઈન્સનરેટર મશીન) અને વપરાયેલ પેડ્સ માટે અલગ કલેક્શન બિન(રેડ બિન)ની વ્યવસ્થા.
9. દિવ્યાંગ બાળકો માટે અલગથી ટોઈલેટ સીટ.
10. દરેક શાળામાં 5R સેન્ટર્સની વ્યવસ્થા.
11. શાળાના કમ્પાઉન્ડમાં ભીના કચરાના નિકાલ કરવા માટે કમ્પોસ્ટિંગ બેડની સુવિધા.

07/01/2026

ડે. કમિશ્નર (ડી)
સુરત મહાનગરપાલિકા